# અક્ષરધામના આંગણે વિશ્વની પ્રથમ ટેલિરોબોટીક સર્જરી

**અમદાવાદમાં દાખલ મહીલાની સર્જરી અક્ષરધામમાં બેઠા કરી : વિશ્વનુ પ્રથમ ટેલિરોબોટીક કોરોનરી ઇન્ટરવેન્શન અક્ષરધામમાં હાથ ધરાયુ : સ્ટ્રોક તેમજ કાર્ડીયોવેસ્ક્યુલર બિમારીઓમાં વિશ્વમાં દરવર્ષે ૧.૮ કરોડના મોત : આ ઐતિહાસિક સંશોધન અસરકારક પુરવાર થશે : ડો તેજસ પટેલ**

ગાંધીનગર તા ૫

સમગ્ર વિશ્વમાં પ્રથમવાર આજે અક્ષરધામથી એક એવી સર્જરી કરવામાં આવી હતી. કે જયાં ડોકટર દર્દી સાથે ન હતા પરંતુ અક્ષરધામથી ૩૨ કી મી દુર સ્થિત એપેક્સ હાર્ટ ઈન્સિટયુટમાં હતા તબીબી વિજ્ઞાનના ઈતિહાસમાં એક નોંધપાત્ર સિધ્ધિ હાંસલ કરી છે. ગાંધીનગરમાં અક્ષરધામથી આજે વિશ્વમાં પ્રથમવાર આ ટેલિરોબોટીક ટેકનોલોજીના ઉપયોગથી ૩૨ કી મી દુર દર્દીની સર્જરી કરવામાં આવી હતી. આ દુનિયામાં પ્રથમવાર આ પ્રકારની સર્જરી થઈ હતી. રોબોટ કામ કરે અને કોમ્પુટરથી ડોકટર કમાન્ડ આપે મહત્તમ ૧૨મિનિટમાં આ સર્જરી પુરી કરી દેવામાં આવી હતી.રોબોટીક મેથડથી મહીલાની એન્જિયોપ્લાસ્ટી કરવામાં આવી હતી અને હ્રદયની નળીઓ ખુલ્લી કરવામાં આવી હતી. આગામી દિવસોમાં ટેકનોલોજી અપગ્રેડ થાય તો ડોકટર પોતાના સેલફોન કે લેપટોપથી પણ ઓપરેટ કરી શકશે.

અમદાવાદના એપેક્સ હાર્ટ ઈન્સ્ટિટયુટના ચેરમેન ચીફ કાર્ડિયોલોજીસ્ટ ડો તેજસ પટેલ દ્વારા વિશ્વના પ્રથમ ઈન હ્યુમન ટેલિરોબોટિક કોરોનરી ઈન્ટરનેશનલ મારફતે ભારતે વિશ્વનુ સૌ પ્રથમ પરકયુટનેસ કોરોનરી ઈન્ટરવેશન છે.અમદાવાદ સ્થિત એપેકસ હાર્ટ ઈન્સ્ટિયુટની કેથેટરાઈઝેશન લેબથી ૩૨ કી મી દુર સ્થિત અક્ષરધામ મંદિરથી ઈન્ટરનેટ પર કમાન્ડ આપીને એક મહીલા દર્દી પર આ ટેલિરોબોટીક સર્જરી કરવામાં આવી હતી. આ મહીલા દર્દી અમદાવાદમાં એપેકસ હાર્ટ ઈન્સ્ટિટયુટમાં ડો સંજય શાહની દેખભાળ હેઠળ હતા. આ અભ્યાસની સફળતાએ વિશ્વભરમાં મોટા પાયે દુર અંતરના ટેલિરોબોટીક પ્લેટફોર્મસ માટે માર્ગ મોકળો કર્યો છે. આ પ્રસંગે મુખ્યમંત્રી વિજય રૂપાણી,

● અનુસંધાન પાન-૭ પર

## સાડા છ કરોડ ગુજરાતીઓ માટે ગૌરવની ઘટના : મુખ્યમંત્રી

મુખ્યમંત્રીએ આ ઘટનાને સમગ્ર માનવજાત માટે ઐતિહાસિક ગણાવતાં કહ્યું કે, વિશ્વની પ્રથમ ટેલિરોબોટીક કોરોનરી ઈન્ટરવેન્શન સર્જરી માટે ગાંધીનગર-ગુજરાત નિમિત બન્યા તે સાડા ૬ કરોડ ગુજરાતીઓ માટે ગૌરવની ઘટના છે.

તેમણે મેડિકલ વર્લ્ડમાં ઈતિહાસ સર્જનારા ડૉ. તેજસ પટેલ અને ટીમને અભિનંદન પાઠવ્યા હતા અને સ્પષ્ટપણે જણાવ્યું કે આ ટેકનોલોજી ટ્રાન્સફોર્મેશનનો ઉપયોગ રાજ્યના છેવાડાના ગરીબ-વંચિત માનવી સુધી પહોચાડીને જરૂરતમંદ વ્યકિતઓની સર્જરી શસ્ત્રક્રિયા પાર પાડવામાં ગુજરાત સરકાર ડૉ. તેજસ પટેલની તજજ્ઞતાના સહયોગથી આગળ વધવા વિચારાધિન રહેશે.

વિજય રૂપાણીએ અક્ષરધામને ધર્મ અને વિજ્ઞાનના સમન્વયકારી સ્થાન વર્ણવતા ઉમેર્યુ કે, ધર્મ સત્ય તરફ લઈ જાય છે તો વિજ્ઞાન સત્યને સંપૂર્ણ રીતે સાકાર કરીને પ્રસ્તુત કરે છે.

એ અર્થમાં આ સર્જરી અક્ષરધામમાંથી થઈ તે જય જવાન-જય કિસાન-જય વિજ્ઞાનને ચિરતાર્થ કરે છે એમ તેમણે ઉમેર્યુ હતું.

## ડો તેજસ પટેલે ઇતિહાસ રચ્યો



## સફળતા પુ. પ્રમુખ સ્વામીને અર્પણ : લાખોના હૃદય પરિવર્તન કરીશ : ડો તેજસ પટેલ

હુ આ સફળતા પ્રમુખ સ્વામી મહારાજન અર્પણ કરુ છુ. જેમના હ્યદયની સારવાનો મને મોકો મળ્યો હતો. તેમનુ હૃદય મારા હૃદયમાં પરિવર્તન લાવ્યુ હતુ. જયારે આ ટેકનોલોજી મારફતે હુ લાખો લોકોના હૃદયમાં પરિવર્તન લાવવા માંગુ છુ. આ સીમાચિન્હરુપ ઘટના સાકાર કરવા માટેના સ્થળોના અનેક વિકલ્પોમાંથી મેં અક્ષરધામ પસંદ કર્યુ કારણ કે હુ ઈશ્વરના સાનિધ્યમાં રહીને તબીબી ઈતિહાસની આ નવિનતમ ઘટના હાથ ધરવા માંગતો હતો. હુ જાણુ છુ કે અક્ષરધામ વિજ્ઞાન અને અધ્યાત્મનુ તેમજ ટેકનોલોજીનુ સંગમ સ્થાન છે.

## અમારી ટેકનોલોજી કાર્ડિયોવેસ્કયુલર સારવારમાં ક્રાંતિ લાવશે : માર્ક ટોલાન્ડ

કોરિન્ડસના પ્રમુખ અને ચીફ એકઝિક્યુટીવ ઓફિસર માર્ક ટોલાન્ડે જણાંવ્યુ હતુ કે સ્ટ્રોક સહીતની કાર્ડિયોવેસ્કયુલર બિમારીઓ નિષ્ણાંત ડોકટરો, સમયસર તબીબી સંભાળની મર્યાદિત સગવડોને કારણે વિશ્વની સૌથી નોંધપાત્ર અને ઓછી સારવાર ધરાવતી ક્લિનિકલ સમસ્યાઓ છે. વૈશ્વિક ગરીબીમાં વધારો તેમજ તાલીમબધ્ધ નિષ્ણાંતોના અભાવે બહુ ઓછી સંખ્યામાં દર્દીઓ જીવન બચાવ માટેની સારવાર મેળવે છે. જે મુખ્યત્વે મૃત્યુ કે અપંગતામાં પરિણમે છે. અમે માનીએ છીએ કે અમારી ટેકનોલોજી કોઈપણ સ્થળે સારવાર પુરી પાડીને કાર્ડિયોવેસ્કુયલર સારવારમાં ક્રાંતિ લાવશે

# શહેરી વિસ્તારના ધારાસભ્યો હવે સીસીટીવીના કામ સૂચવી શકશે

**રાજ્યમાં મહાનગરોમાં કાયદો વ્યવસ્થા સુદ્રઢ થાય તે હેતુથી આ સુધારો કરવામાં આવ્યો : મહાનગરોમાં વિવિધ સ્થળોએ સીસીટીવી કેમેરાના કામોની સંપૂર્ણ રકમ ધારાસભ્યશ્રીના ફંડમાંથી મંજૂર કરવાની જોગવાઈ**

ગાંધીનગર, તા. ૫

રાજ્ય સરકારે શહેરી વિસ્તારના ધારાસભ્યો માટે વિકાસ કામ અંગેની માર્ગદર્શિકામાં સુધારો કરી હવે રાજ્યના મહાનગરોમાં વિવિધ સ્થળોએ સીસીટીવી કેમેરાના કામોની સંપૂર્ણ રકમ ધારાસભ્યશ્રીના ફંડમાંથી મંજૂર કરવાની જોગવાઈ કરી છે.

રાજ્ય સરકારે કરેલા આ નિર્ણય મુજબ રાજ્યના મહાનગરોમાં અર્થાત્ મહાનગરપાલિકાની હદમાં પ્રજાની સલામતી અને સુરક્ષા માટે તેમજ ગુનાહિત પ્રવૃત્તિને કાબુમાં રાખવા અને ક્રાઈમ ડિટેકશનના હેતુથી જ્યાં પોલીસનો અભિપ્રાય થતો હોય તેવા જાહેર રસ્તાઓ, જાહેર સ્થળોએ તેમજ ખાનગી અને જાહેર સોસાયટી, ફલેટ, રો-હાઉસ, પોળ વગેરે સ્થળોએ સીસીટીવી પ્રોજેક્ટનું કંટ્રોલ યુનિટ પોલીસ કંટ્રોલરૂમ અથવા પોલીસ સ્ટેશનમાં રાખવામાં આવે અને પ્રોજેક્ટ અમલીકરણ કચેરી તરીકે ગૃહ વિભાગ હેઠળની કોઈ કચેરી રાખવામાં આવે તે શરતે સીસીટીવી પ્રોજેક્ટની સંપૂર્ણ રકમ ધારાસભ્યના ફંડમાંથી સૂચવી શકાશે.

સરકાર દ્વારા આ અંગેનો પરિપત્ર પણ જારી કરી દેવામાં આવ્યો છે. રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ સુદ્રઢ થાય તે હેતુથી આ નિર્ણય કરવામાં આવ્યો હોવાનું પણ સચિવાલયના સૂત્રોએ સ્વીકાર્યુ છે.

રાજ્યમાં સલામતી અને સુરક્ષીતતાનો માહોલ આનાથી ઉભો થશે એટલુ જ નહિ ગુનાખોરીને પણ નાથવામાં સફળતા મળશે તેવો ઉમદા હેતુ સમાયેલો હોવાનું આ સૂત્રોએ સ્વીકાર્યુ છે.

ધારાસભ્યોને વિસ્તાર વિકાસના કામો માટે સરકારે ત્રણ તબક્કે છેલ્લા પાંચ વર્ષના ગાળામાં સુધારા કર્યા છે તે પણ ઉલ્લેખનીય છે. શહેરી વિસ્તારના ધારાસભ્યોએ પણ સરકારમાં આ મુદ્દે રજુઆત કરી હતી અને તેથી જ સરકારે વિચારણા કર્યા બાદ આ નવી જોગવાઈ દાખલ કરવાની મંજૂરી આપી છે જે નોંધનીય છે. ધારાસભ્યોની જોગવાઈઓમાં છેલ્લો સુધારો ૬/૧૮માં કર્યા પછી ૬ માસના ગાળામાં આ બીજો સુધારો કર્યો છે તે પણ ઉલ્લેખનીય છે.

## ધો-૧૦ પરીક્ષા કાર્યક્રમ

| તારીખ | સમય | વિષય |
|---|---|---|
| ૭-૩-૨૦૧૯ | ૧૦થી ૧.૨૦ | પ્રથમ ભાષા |
| ૯-૩-૨૦૧૯ | ૧૦થી ૧.૨૦ | વિજ્ઞાન અને ટેકનોલોજી |
| ૧૨-૩-૨૦૧૯ | ૧૦થી ૧.૨૦ | ગણિત |
| ૧૪-૩-૨૦૧૯ | ૧૦થી ૧.૨૦ | સામાજિક વિજ્ઞાન |
| ૧૬-૩-૨૦૧૯ | ૧૦થી ૧.૨૦ | અંગ્રેજી (દ્વિતીય ભાષા) |
| ૧૮-૩-૨૦૧૯ | ૧૦થી ૧.૨૦ | ગુજરાતી (દ્વિતીય ભાષા) |
| ૧૯-૩-૨૦૧૯ | ૧૦થી ૧.૨૦ | દ્વિતીય ભાષા |

## ધોરણ ૧૨ પરીક્ષાનો કાર્યક્રમ

**ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ**

| તારીખ | સમય | વિષય |
|---|---|---|
| ૭-૩-૨૦૧૯ | ૩થી ૬.૩૦ | ભૌતિક વિજ્ઞાન |
| ૯-૩-૨૦૧૯ | ૩થી ૬.૩૦ | રસાયણ વિજ્ઞાન |
| ૧૧-૩-૨૦૧૯ | ૩થી ૬.૩૦ | જીવ વિજ્ઞાન |
| ૧૨-૩-૨૦૧૯ | ૩થી ૬.૩૦ | પ્રથમભાષા, દ્વિતીય ભાષા, સંસ્કૃત, પારસી, અરબી, પ્રાકૃત |
| | ૩થી ૫.૧૫ | કોમ્પ્યુટર એજયુકેશન |
| ૧૪-૩-૨૦૧૯ | ૩થી ૬.૩૦ | ગણિત |
| ૧૬-૩-૨૦૧૯ | ૩થી ૬.૩૦ | અંગ્રેજી (પ્રથમ અને દ્વિતીય ભાષા) |

**ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહ**

| તારીખ | સમય | વિષય |
|---|---|---|
| ૭-૩-૨૦૧૯ | ૩થી ૬.૧૫ | નામાના મૂળ તત્વો |
| ૮-૩-૨૦૧૯ | ૩થી ૬.૧૫ | તત્વજ્ઞાન |
| ૯-૩-૨૦૧૯ | ૩થી ૬.૧૫ | આંકડાશાસ્ત્ર |
| ૧૧-૩-૨૦૧૯ | ૩થી ૬.૧૫ | ભૂગોળ |
| ૧૨-૩-૨૦૧૯ | ૩થી ૬.૧૫ | અર્થશાસ્ત્ર |
| ૧૩-૩-૨૦૧૯ | ૩થી ૬.૧૫ | વાણિજય વ્યવસ્થા |
| ૧૪-૩-૨૦૧૯ | ૩થી ૬.૧૫ | મનોવિજ્ઞાન |
| ૧૫-૩-૨૦૧૯ | ૩થી ૬.૧૫ | પ્રથમ ભાષા |
| ૧૬-૩-૨૦૧૯ | ૩થી ૬.૧૫ | હિન્દી દ્વિતીય ભાષા |
| ૧૮-૩-૨૦૧૯ | ૩થી ૬.૧૫ | ગુજરાતી અને અંગ્રેજી (દ્વિતીય ભાષા) |
| ૧૯-૩-૨૦૧૯ | ૩થી ૬.૧૫ | કોમ્પ્યુટર પરિચય |
| ૨૨-૩-૨૦૧૯ | ૩થી ૬.૧૫ | સંસ્કૃત, પારસી, અરબી, પ્રાકૃત |
| ૨૩-૩-૨૦૧૯ | ૩થી ૬.૧૫ | સમાજશાસ્ત્ર |

# ધો -૧૦ અને ૧૨ ની બોર્ડ પરીક્ષા આગામી ૭ માર્ચથી શરૂ થશે

**સોશિયલ મીડીયા પર જુદી જુદી તારીખો ફરતી થઇ હતી : શિક્ષણ બોર્ડે બોર્ડ પરીક્ષાનો કાર્યક્રમ જાહેર કર્યો**

ગાંધીનગર તા ૫

ધો -૧૦ અને ૧૨ ની બોર્ડ પરીક્ષાના કાર્યક્રમ અન્વયે સોશિયલ મીડીયા પર અત્યાર સુધી અનેક જુદી જુદી તારીખો ફરતી થઈ હતી. જો કે આજે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધો -૧૦ અને ૧૨ ની બોર્ડ પરીક્ષાનો કાર્યક્રમ જાહેર કરી દેવાતા વિદ્યાર્થીઓ અને વાલીઓની ઈન્તેજારીનો અંત આવ્યો છે. ધો-૧૦ અને ૧૨ ની બોર્ડ પરીક્ષા આગામી તા ૭ માર્ચથી પ્રારંભ થશે. ધો -૧૨ સામાન્ય પ્રવાહની પરીક્ષાનુ આયોજન પણ ૭ મી માર્ચથી કરવામાં આવ્યુ છે.જયારે તા ૨૩ માર્ચ સુધીમાં મોટાભાગના પ્રવાહની પરીક્ષા પ્રક્રીયા પુર્ણ કરી દેવાશે.

પરીક્ષા સચિવ આર એચ જુણકીયાએ આ અંગે માહીતી આપતા જણાંવ્યુ છે કે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આગામી બોર્ડ પરીક્ષાનો કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યો છે. જેમાં ધો -૧૨ વિજ્ઞાન પ્રવાહના નિયમિત અને રીપીટર વિદ્યાર્થીઓ માટે આગામી તા ૭ માર્ચથી પરીક્ષાનો પ્રારંભ થશે. જયારે પરીક્ષાનો સયમ બપોરે ૩ થી ૬ :૩૦ કલાકનો રહેશે.

તમામ વિષયોની પરીક્ષા બે ભાગમાં લેવાશે. જેમાં પ્રથમ વિભાગમાં બહુવિકલ્પ પ્રકારના ૫૦ પ્રશ્નો હશે. ૫૦ ગુણ માટે ૬૦ મિનિટનો સમય આપવામાં આવશે. જયારે પાર્ટ બી માં વર્ણનાત્મક પ્રશ્નો હશે. બાર્ડની પરીક્ષા અન્વયે દિવાળીના સમયથી વાલીઓ અને વિદ્યાર્થીઓમાં અનેક અટકળો ઉભી થઈ હતી. સોશિયલ મીડીયા પર પણ બોર્ડ પરીક્ષાને અનુલક્ષી જુદી જુદી તારીખો સાથે ખોટા મેસેજીસ ફરતા થયા હતા. જેના લીધે વાલીઓ અને વિદ્યાર્થીઓમાં ચર્ચા સાથે આ એક મુંઝવણનો વિષય બન્યો હતો. જો કે આજે બાર્ડ દ્વારા ધો -૧૦ અને ૧૨ વિજ્ઞાન પ્રવાહ અને સામાન્ય પ્રવાહ સહીતની પરીક્ષાને અનુલક્ષી કાર્યક્રમ જાહેર કરી દેવાયો છે. આગામી તા ૭ માર્ચથી બોર્ડ પરીક્ષાનો પ્રારંભ થશે. જયારે તા ૨૩ માર્ચ સુધીમાં તમામ ફેકલ્ટીઝની પરીક્ષા પુર્ણ થઈ જાય તેવુ આયોજન કરાયુ છે.

# રાજ્યમાં અછતની સ્થિતિને લઈ સરકાર સક્રિય બની

**મામલતદાર સંવર્ગની ૧૧ હંગામી જગ્યાઓ ઉભી કરાઈ, કેન્દ્રની ટીમ ડિસે.ના બીજા પખવાડિયામાં આવવાની વકી**

ગાંધીનગર, તા. ૫

રાજ્યમાં અછતની સ્થિતિને પહોંચી વળવા સરકાર સક્રિય બની છે અને ૧૧ જેટલી હંગામી જગ્યાઓ મહેસુલીતંત્રમાં ઉભી કરવામાં આવી છે.

મળતી વિગતો પ્રમાણે કેન્દ્ર સરકાર પાસે સહાયની માંગણી કર્યા બાદ હવે ગમે ત્યારે કેન્દ્રની ટીમ રાજ્યની મુલાકાતે આવી શકે તેમ છે. સરકારે આ પરિસ્થિતિને પહોંચી વળવા માટે માલતદાર સંવર્ગની ૧૧ જેટલી હંગામી જગ્યાઓ ઉભી કરી અને તેના પર નિમણુંક આપતા હુકમો પણ જારી કરી દીધા છે. રાજ્ય સરકારે ૫૧ તાલુકાઓમાં અછત અને અર્ધ અછતની સ્થિતિ જાહેર કર્યા બાદ, ઓછો વરસાદ થયો છે તેવા ૪૫ તાલુકાઓમાં કૃષિ ઈનપુટ સહાય આપવાનો નિર્ણય પણ જાહેર કર્યો છે. હવે પછીના દિવસોમાં રોજગારી અને ઘાસચારાની સ્થિતિને પહોંચી વળવા માટે આ નવી જગ્યાઓ ઉભી કરવામાં આવી હોવાનું મહેસુલ વિભાગના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

રાજ્ય સરકારે પીવાના પાણી માટે ઓછો વરસાદ નોંધાયો છે તેવા જિલ્લા કલેકટરોને પણ માસ્ટર પ્લાન તૈયાર કરી અને સ્થિતિ પર નજર રાખવા માટેની સૂચનાઓ આપી છે. આ ઉપરાંત દર માસે જિલ્લામાં પીવાના પાણીની સ્થિતિની સમીક્ષા કરી સરકારને અહેવાલ આપવા માટે પણ તાકીદ કરી હોવાનું જાણવા મળેલ છે.

રાજ્યમાં અછતની સ્થિતિના અભ્યાસ માટે બીજા પખવાડિયાના પ્રારંભમાં કેન્દ્રની ટીમ રાજ્યના પ્રવાસે આવશે તેમ મનાઈ રહ્યુ છે.

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ટચૂકડી જાહેર ખબર
દર રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧, ફોન - ૨૩૨૩૭૫૭૧

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, છઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN®
ashirvad
BENELAVE™
DR. FIXIT®
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
BRIDGESTONE
apollo go the distance
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૯૭૭૩૪૧૭૮૩૮, ૮૧૪૦૪ ૬૦૭૬૭ (W)

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com